# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૭/ 6601

તા. ૨૯/૦૮/૨૦૧૭

પરિપત્ર- 318

સંદર્ભ : (૧) આ યુનિવર્સિટીનો પરિપત્ર-૨૭૯ નં. એસજીજીયુ/વહીવટ/૨૦૧૭/૬૧૪૫ તા. ૧૮/૦૭/૨૦૧૭
(૨) આ યુનિવર્સિટીનો પરિપત્ર-૨૮૮ નં. એસજીજીયુ/વહીવટ/૨૦૧૭/૬૪૮૮ તા. ૦૨/૦૮/૨૦૧૭
(૩) આ યુનિવર્સિટીનો પરિપત્ર-૩૦૧ નં. એસજીજીયુ/વહીવટ/૨૦૧૭/૬૫૩૩ તા. ૧૮/૦૮/૨૦૧૭

આથી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન બી.એસસી., બી.એ., બી.કૉમ., બી.સી.એ., બી.બી.એ. અને બી.એસ.ડબ્લ્યુ. અભ્યાસક્રમ ચલાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે આ યુનિવર્સિટીનાં ઉપરોક્ત સંદર્ભ દર્શિત પરિપત્રથી ધો.૧૨ પછીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને રૂ. ૧૦૦૦/- ના ટોકન દરે NAMO e-TAB ટેબલેટ મેળવવા માંગતા હોય તે વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ પાસેથી તા.૩૦/૦૮/૨૦૧૭ સુધી ટોકન ફી ઉઘરાવી અને ટોકન ફી ભરનાર વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓનું રજીસ્ટ્રેશન ડીજીટલ ગુજરાતની વેબસાઈટ http://www.digitalgujarat.gov.in પર ફરજીયાત કરવા અને આ અંગેની માહિતી નિયત પત્રકમાં વિગતવાર ભરી આચાર્યશ્રીનાં સહી સિક્કા સાથે તા.૩૧/૦૮/૨૦૧૭ નાં રોજ સાંજે ૦૫.૦૦ કલાક સુધીમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, સરકારી પોલીટેકનીક કેમ્પસ, ગદુકપુર, ગોધરા ખાતે રૂબરૂમાં હાર્ડકોપી અને સોફ્ટકોપી સ્વરૂપે પહોચાડવા જણાવવામાં આવેલ હતું. આ સંદર્ભમાં જણાવવાનું કે આ યોજનાનો મહત્તમ વિદ્યાર્થીઓ લાભ લઇ શકે તે માટે માન. કુલપતિશ્રીનાં આદેશ અનુસાર આ સમય મર્યાદામાં નીચે મુજબ વધારો જાહેર કરવામાં આવે છે.

સબંધિત કોલેજોએ NAMO e-TAB ટેબલેટ મેળવવા માંગતા હોય તે વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ પાસેથી તા.૨૮/૦૯/૨૦૧૭ સુધી ટોકન ફી ઉઘરાવી અને ટોકન ફી ભરનાર વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓનું રજીસ્ટ્રેશન ડીજીટલ ગુજરાતની વેબસાઈટ http://www.digitalgujarat.gov.in પર ફરજીયાત કરવા તેમજ આ અંગેની માહિતી અને જરૂરી ફી તા. ૨૯/૦૯/૨૦૧૭નાં રોજ સાંજે ૦૫.૦૦ કલાક સુધીમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, સરકારી પોલીટેકનીક કેમ્પસ, ગદુકપુર, ગોધરા ખાતે પહોચાડવા જણાવવામાં આવે છે

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ.

- યુનિવર્સિટી સંલગ્ન બી.એસસી., બી.એ., બી.કૉમ., બી.સી.એ., બી.બી.એ. અને બી.એસ.ડબ્લ્યુ. અભ્યાસક્રમ ચલાવતી તમામ કૉલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ રવાના:

- અગ્રસચિવશ્રી, (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, નવા સચિવાલય ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, બ્લોક નં. ૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, (ઉચ્ચ શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, નવા સચિવાલય ગાંધીનગર
- એડવાઇઝરશ્રી, કે.સી.જી., પ્રજ્ઞા પુરમ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ પાસે, નવરંગપુરા, અમદાવાદ.